ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦ | ૩૧ માર્ચ, ૨૦૨૦, મંગળવાર; ચૈત્ર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં લોકડાઉનને વધુ લંબાવાશે નહીં

**વડાપ્રધાન મોદીએ ૨૧ દિવસનું લોકડાઉનની જાહેર કર્યું છે, અગાઉ એવી અટકળો હતી લોકડાઉન ૯૦ દિવસ સુધી ચાલશે પરંતુ કેબિનેટ સચિવે તમામ અટકળોનું ખંડન કર્યું : લોકડાઉનમાં વધારો કરવાની અટકળો વચ્ચે સરકારનો મોટો ખુલાસો**

| ક્યાં | વિશ્વ | ભારત | ગુજરાત | ગાંધીનગર |
|---|---|---|---|---|
| કેસ | ૭,૨૮,૯૨૯ | ૧૨૨૪ | ૭૧ | ૦૯ |
| મૃત્યુ | ૩૫,૬૪૯ | ૩૪ | ૦૬ | ૦૦ |



નવીદિલ્હી, તા. ૩૦

કોરોના વાયરસની સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરીને જોરદાર જંગ છેડી છે ત્યારે દેશમાં લોકો મોટા ભાગે માની રહ્યા છે કે આ લડાઈ હજુ જારી રહેનાર છે અને આ લોકડાઉનની અવધિને વધુ લંબાવવામાં આવનાર છે. જો કે દેશના લોકોમાં અનેક પ્રકારની અટકળો વચ્ચે આજે કેન્દ્ર સરકારે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે લોકડાઉનને લંબાવી દેવાની કોઇ યોજના નથી. આ પ્રકારના આવી રહેલા અહેવાલ પાયાવગર છે. દેશમાં કોરોના સામે લડવા અને તેના પર જીત મેળવી લેવા માટે સરકારે પહેલાથી જ ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી દીધી છે. જેના કારણે કેસોની સંખ્યામાં કાબુ લેવામાં સફળતા મળી રહી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે રવિવારના દિવસે પણ તેમના મન કી બાત કાર્યક્રમમાં લોકોને સોશિયલ ડિસ્ટેન્સ જાળવી રાખવા માટેની વાત કરી હતી. વડાપ્રધાને ગઈકાલે તેમના કાર્યક્રમમાં પણ સંકેત આપ્યો હતો કે હવે જ્યારે મનની બાત કાર્યક્રમમાં આવશે ત્યારે લોકડાઉનનો ગાળો અને મુશ્કેલ તબક્કો પૂર્ણ થઈ જશે. કેબિનેટ સેક્રેટરી રાજીવ ગૌબાએ આજે કહ્યુ હતુ કે સરકારની લોકડાઉનને વધારી દેવાની કોઇ યોજના નથી. તેમણે કહ્યુ હતુ કે તેઓ આ

● અનુસંધાન પાના ૭ પર

## લોકડાઉન યોગ્ય દિશામાં છે, કોરોના સામેના જંગને જીતી શકાશે

**લોકડાઉનના છઠ્ઠા દિવસે પણ જરૂરી પુરવઠો સંતોષજનક રહ્યો : દેશમાં કોરોના વાયરસ હાલમાં લોકલ ટ્રાન્સમિશનના સ્ટેજ પર છે : કોમ્યુનિટી સ્ટેજ પર નથી : તમામ માર્ગદર્શિકા પાળવામાં આવે તે જરૂરી : સરકાર**

નવીદિલ્હી, તા.૩૦

ભારતમાં કોરોના ઈન્ફેકશનના કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે લોકડાઉનની સ્થિતિ વચ્ચે સંભવિત તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસના કોમ્યુનિટી ટ્રાન્સમિશન તબક્કાની શરૂઆતના અહેવાલને આરોગ્ય મંત્રાલય દ્વારા રદિયો આપવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે, ભારતમાં કોરોના ઈન્ફેકશનનો લોકલ ટ્રાન્સમિશન તબક્કો ચાલી રહ્યો છે. કોમ્યુનિટી તબક્કો ચાલી રહ્યો નથી. તેમણે કહ્યું હતું કે, હાલના સમયમાં સ્થિતિ એ છે કે, જો અમે કોઈ સરકારી દસ્તાવેજમાં કોમ્યુનિટી શબ્દ લખીએ છીએ તો તેનો અર્થ કાઢી લેવામાં આવે છે. અમે લિમિટેડ કોન્ટેસ્ટમાં એક જગ્યાએ કોમ્યુનિટી શબ્દનો ઉપયોગ કર્યો છે પરંતુ તેઓ સ્પષ્ટતા કરવા માંગે છે કે, ભારત હાલમાં લિમિટેડ ટ્રાન્સમિશનના સ્ટેજમાં છે. જો અમને લાગે છે કે અમે કોમ્યુનિટી ટ્રાન્સમિશનના તબક્કામાં જઈ રહ્યા છીએ તો અમે ફરી પ્રજાને અપીલ કરવા માંગીએ છીએ કે, અમને વધારે સતર્ક રહેવાની જરૂર છે પરંતુ હજુ સુધી આ સ્થિતિ આવી નથી. લોકડાઉનની સ્થિતિ વચ્ચે જે



● અનુસંધાન પાના ૭ પર

## સેંસેક્સમાં વધુ ૧૩૭૫ પોઈન્ટનો કડાકો

**જીવલેણ કોરોના વાયરસથી અર્થતંત્રને લઇને કારોબારીઓ ચિંતાતુર : વિદેશના મૂડીરોકાણકારોએ જંગી નાણાં પાછા ખેંચી લીધા : વૈશ્વિક મંદીના સાફ સંકેત : રોકાણકારોએ ૨.૮૫ લાખ કરોડ રૂપિયા ગુમાવી દીધા : કોરોનાથી સમગ્ર વિશ્વમાં બધા કારોબાર સંપૂર્ણ ખોરવાયા**

મુંબઈ, તા.૩૦

શેરબજારમાં આજે ધારણા પ્રમાણે જ જોરદાર કડાકો બોલી ગયો હતો. કારોબારના અંતે સેંસેક્સ ફરી એકવાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં અફડાતફડી રહી હતી. બીએસઈ સેંસેક્સ આજે ઉથલપાથલના કારોબાર વચ્ચે ૧૩૭૫ પોઈન્ટ અથવા તો ૪.૬૧ ટકા ઘટીને ૨૮૪૪૦ની નીચી સપાટીએ રહ્યો હતો. બજાજ ફાઈનાન્સના શેરમાં ૧૨ ટકા સુધીનો સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. ટેક મહિન્દ્રાના શેરમાં ૫ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. એચડીએફસી, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. આ તમામ શેરમાં જોરદાર ઘટાડાના પરિણામ સ્વરુપે બજારમાં અંધાધૂંધી રહી હતી. કોરોના વાયરસના કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. મોતનો આંકડો ૨૯થી ઉપર પહોંચી ચુક્યો છે ત્યારે દહેશતપૂર્ણ માહોલ છે. ઈક્વિટી માર્કેટની વધુ એક કમજોરી સાથે શરૂઆત થઈ હતી. રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની સ્થિતિ હોવા છતાં કોરોનાના કેસોમાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. વૈશ્વિક બજારોમાં પણ મંદી જોવા મળી રહી છે. તેલની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે. આ

● અનુસંધાન પાના ૭ પર

## ઈન્દોરમાં સૌથી કડક લોકડાઉન સંપૂર્ણ શહેર જડબેસલાક બંધ રહેશે

**દૂધ, અનાજ સહિતની તમામ દુકાનો બંધ રહેશે, ભંગ કર્યો તો જેલમાં મોકલાશે અત્યાર સુધીમા ૩૨ પોઝીટીવ કેસ મળી આવતા સરકાર આકરા પાણીએ**



ઈન્દોર,તા.૩૦

રોગચાળાના રૂપમાં ઘણા દેશોમાં કોરોના વાયરસ ફેલાયો છે. ભારતમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા સતત વધી રહી છે. ઈટાલીમાં કોરોના વાયરસનો સૌથી વધુ પ્રભાવ રહ્યો છે. ભારતમાં કોરોના સંકટને પહોંચી વળવા સરકારે ૨૨ માર્ચથી ૨૧ દિવસ માટે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી છે.

તેમ છતાં, કેટલાક લોકો બેદરકારી દાખવી રહ્યા છે. આનું પરિણામ એ છે કે તેના દર્દીઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. દેશભરમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો વધી રહ્યો છે. આ કારણોસર મધ્યપ્રદેશ સરકારે કડક વલણ અપનાવ્યું છે. રાજ્ય સરકારે ઈન્દોરમાં દેશનું કડક લોકડાઉનને મુકવાનો નિર્ણય કર્યો છે. આ સમય દરમિયાન શહેરનો સંપૂર્ણ થોભી જશે. ઈંદોરમાં અત્યાર સુધીમાં ૩૨ કોરોના પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આજે ૮ નવા દર્દીઓ સામે આવ્યા છે, જેમાંથી ૭ ઈન્દોરના અને ૧ ઉજ્જૈનનો રહેવાસી છે.

શહેરમાં ૧ એપ્રિલ સુધી રાશન, શાકભાજી, દૂધ, ડેરી અને અન્ય કોઈ માલનું વેચાણ થશે નહીં કે હોમ ડિલીવરી મળશે. આ સાથે પેટ્રોલ પમ્પ પણ બંધ રાખવામાં આવશે. લોકડાઉન અંગે વારંવાર થતી અવગણનાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે આ કડક પગલું ભરવાનું નક્કી કર્યું છે. છેલ્લા પાંચ દિવસમાં, ઈન્દોરમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યામાં સતત વધારો થયો છે.વહીવટીતંત્રે ચંદન નગર, રાણીપુરા જેવા વિસ્તારોને વિશેષરૂપે ચિહ્નિત કર્યા છે અને અહીં હિલચાલ પર પ્રતિબંધ મૂક્યો છે. ઈન્દોરમાં સંક્રમિતોની સંખ્યા ૨૨ પર પહોંચી ગઈ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

## દેશમાં કોરોના સંક્રમિત ૧૨૨૯ હવે, ૧૦૨ દર્દીઓ સ્વસ્થ થયા

**દેશમાં કોરોનાથી કુલ ૩૪ના મોત : પશ્ચિમ બંગાળમાં આજે બીજા સંક્રમિતનું મોત; મધ્યપ્રદેશમાં ૮ - મહારાષ્ટ્રમાં ૧૭ નવા દર્દી**

ન્યુ દિલ્હી,તા.૩૦

કોરોના વાઈરસના આજે ૩૪ નવા કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં ૧૨, મધ્યપ્રદેશમાં ૮, ગુજરાતમાં ૬, જમ્મુ કાશ્મીરમાં ૩, આંધ્રપ્રદેશમાં ૨, જ્યારે રાજસ્થાન, પંજાબ અને આંદામાન-નિકોબારમાં ૧-૧ સંક્રમિત મળ્યા છે. હવે કુલ સંક્રમિતોની સંખ્યા ૧૨૦૦ થઈ ગઈ છે. ૩૪ લોકોના મોત થઈ ગયા છે. દેશમાં કોરોનાના વધતા જતા દર્દીઓ વચ્ચે એક સારા અહેવાલ એવા પણ છે કે, સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧૦૨ પર પહોંચી ચુકી છે.

આજે દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૧૯૦ પર પહોંચી છે. જ્યારે મોતને ભેટનારા લોકોની સંખ્યા વધીને ૨૯ થઈ છે. આજે દર્દીઓની સંખ્યામાં ઝડપભેર વધારો થઈ રહ્યો છે. સૌથી વધારે કેસ હાલમા મહારાષ્ટ્રમાં છે. માહારષ્ટ્રમાં ૨૧૫ કેસોમાં ૭ લોકોનાં મોત થઈ ગયાં છે. કેરળમાં કેસોની સંખ્યા ૨૦૨એ પહોંચી છે. મહારાષ્ટ્રમા આજે ૧૨ નવા કેસ બહાર આવ્યા છે. કર્ણાટકમાં આ આંક ૮૩ એ પહોંચ્યો છે. કર્ણાટકમાં અત્યારસુધીમાં ૫ લોકો રિકવર થયા છે.

કેરળમાં ૨૦ દર્દીઓ સાજા થયા છે. મહારાષ્ટ્રમાં પણ ૨૫ દર્દીઓ સાજા થયા છે. ગુજરાત માટે કમનસીબી એ છે કે, ૬૯ કેસોમાં ૧ વ્યક્તિ જ રિકવરી પોઝિટીવ આવી છે અને ૬ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. આજે ગુજરાતમાં ૬ નવા કેસો બહાર આવ્યા છે. તામિલનાડુમાં આજે ૧૭ કેસ પોઝિટીવ બહાર આવતાં કુલ આંક ૬૭એ પહોંચ્યો છે. જ્યાં ૪ લોકો કોરોના પોઝિટીવની તબિયત સુધરી છે. ગુજરાતમાં ૨ લોકોની તબિયતમાં સુધારો આવ્યો છે. દેશમાં કુલ કોરોના પોઝિટીવની સંખ્યા ૧૧૯૦એ પહોંચી છે. જેમાં ૧૦૨ દર્દીઓની સ્થિતિ રિકવર થઈ છે. હજુ પણ ૧૦૫૯ લોકો મોત સામે ઝઝૂમી રહ્યાં છે. દેશમાં કુલ ૨૯ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. આ દર્દીઓમાં કુલ ૪૯ વિદેશી પણ સામેલ છે. મહારાષ્ટ્ર અને કેરલ દર્દીઓની સંખ્યામાં મોખરે છે. બંને રાજ્યોમાં દર્દીઓની સંખ્યા ૨૦૦ને પાર કરી ગઈ છે. જ્યારે ગુજરાતમાં દર્દીઓની સંખ્યા ૭૧ પર પહોંચી છે. દેશના સૌથી મોટા રાજ્ય યુપીમાં હાલમાં કોરોનાના ૭૨ દર્દીઓ છે.

## અમેરિકા કોરોના સામે લાચાર

**૨૪૦૦થી વધુના મોત, ૧.૪૨ લાખ લોકો સંક્રમિત : મોતનો આંકડો ઝડપથી વધશે, એક લાખથી ઓછો રહ્યો તો નસીબદાર : સોશિયલ ડિસ્ટન્સિંગ ગાઇડલાઇનને આગામી ૩૦ એપ્રિલ સુધી વધારાઇ, ૧ જૂન સુધીમાં આ સંકટમાંથી અમેરિકા બહાર આવી જશે : ટ્રમ્પ**

વોશિંગ્ટન,તા.૩૦

દુનિયાના સૌથી શક્તિશાળી દેશ અમેરીકામાં પણ કોરોના કહેર બનીને વરસી રહ્યો છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૫૧૮ લોકોના મોત થયા છે. વર્લ્ડોમીટરના જણાવ્યા પ્રમાણે, દેશમાં અત્યાર સુધી ૨,૪૮૪ લોકોના મોત થઈ ચુક્યા છે. સાથે જ એક લાખ ૪૨ હજારથી વધારે લોકો સંક્રમિત થયા છે. અમેરિકામાં ન્યૂયોર્ક સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. અહીંયા ૨૪ કલાકમાં સંક્રમણના ૭૨૦૦ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ સંક્રમિતોની સંખ્યા ૫૯ હજારથી વધારે થઈ ગઈ છે. જેમાં માત્ર ન્યૂયોર્ક સિટીમાં ૩૩,૭૬૮ કેસ છે. આ સમયે અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે ટ્વીટ કરીને જાણકારી આપી કે વ્હાઈટ હાઉસની કોરોના ટાસ્કફોર્સને ન્યુયોર્કમાં કડક ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.



દુનિયાના સૌથી શક્તિશાળી દેશ અમેરિકામાં પણ કોરોના વાયરસનો જીવલેણ પ્રકોપ વધી રહ્યો છ. એક બાજૂ જ્યાં પોઝિટીવ કેસ સતત વધી રહ્યા છે, ત્યાં વળી મરનારા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. અમેરિકામાં અત્યાર સુધીમાં એટલે કે, રવિવાર સુધીમાં કોરોના સંક્રમિત દર્દીઓનો આંકડો ૧.૪૨ લાખ પર પહોંચી ગયો છે. તો વળી મરનારા લોકોની સંખ્યા વધીને ૨૪૮૪ થઈ ગઈ છે. આ ઉપરાંત ૧૦૯૫ દર્દી સાજા થયા છે. કોરોનાના વધતા કેસને ધ્યાનામાં રાખતા અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું કે, આગામી બે સપ્તાહમાં મોતનો આંકડો જોર પકડશે. સાથે જ કહ્યું કે, દેશમાં સોશ્યલ ડિસ્ટેસિંગનો નિયમ ૩૦ એપ્રિલ સુધી લાગુ રહેશે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે

● અનુસંધાન પાના ૭ પર

## ઈટાલીમાં ૨૪ કલાકમાં ૭૫૬ના મોત સંક્રમિતોનો આંકડો ૭ લાખને પાર

**વિશ્વભરમાં ૩૫ હજારથી વધુના મોત : સ્પેનમાં વધુ ૮૨૧ના મોત : બ્રિટનમાં ૬ મહિનાનું લોકડાઉન લાગી શકે છે**

રોમ/મેડ્રિડ,તા.૩૦

કોરોનાએ તેનો કાળમુખો પંજો સમગ્ર વિશ્વ પર ફેલાવ્યો છે અને અત્યાર સુધીમાં કોરોના વાયરસને પગલે દુનિયાભરમાં ૭,૨૨,૧૯૬ લોકો શિકાર બન્યા છે તેમજ ૩૩,૯૭૬ લોકો મોતને ભેટ્યા છે. કોરોનાનો મહા પ્રકોપ અટકવાનું નામ નથી લઈ રહ્યો. સાત લાખ વધુ લોકોને પોતાની લપેટમાં લેનાર આ કોરોના સામે વિશ્વભરના દેશો વામણા પુરવાર થયા છે. બીજીતરફ દોઢ લાખ લોકો આ બીમારીમાંથી ઉગરી શક્યા છે જે સારી બાબત જણાય છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૫૦૦થી વધુ લોકોના મોત થયા છે જેને પગલે આંકડો ૨૫૦૦ની નજીક પહોંચ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે આગામી બે સપ્તાહમાં કોરોનાથી મૃત્યુનો આંક ટોચ પર હશે. બીજી બાજુ બ્રિટનના ડેપ્યૂટી ચીફ મેડિકલ ઓફિસર જેની હેરીઝે રવિવારે માહિતી આપી છે કે, દેશમાં કોરોના બીજા ફેઝમાં છે. અહીં ૬ મહિનાનું લોકડાઉન લગાવવામાં આવી શકે છે.

## ઓસ્ટ્રેલિયામાં બોર્ડર સીલ

મેલબર્ન,તા.૩૦

કોરોના વાયરસની મહામારીના કારણે ઓસ્ટ્રેલિયન સરકારે આગામી છ મહિના સુધી પોતાની સરહદો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. ઓસ્ટ્રેલિયામાં કોરોનાના ૨૦૦૦થી વધુ પોઝિટીવ કેસ સામે આવ્યા છે જ્યારે ૧૬ લોકોના મોત થયા છે. જેના કારણે સરકારે સરહદ સીલ કરી છે.

## છેલ્લે... છેલ્લે...

- ઓલિમ્પિકની તારીખો બદલાઈ. હવે ૨૩ જુલાઈથી ૮ ઓગસ્ટ દરમિયાન ઓલિમ્પિક યોજાશે.
- ઈઝરાયલના પ્રધાનમંત્રી નિત્યાનાહુને કોરોના પોઝીટિવ.
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ૫૦૦ કરોડ પ્રધાનમંત્રી રાહતનિધિમાં તથા ૫-૫ કરોડ મહારાષ્ટ્ર અને ગુજરાત મુખ્યમંત્રી રાહતનિધિમાં આપ્યા.
- કોરોનાના કારણે લોકડાઉન સમયગાળા દરમિયાન ફિક્સ પગારના કર્મચારીઓને પૂરા વેતનની ચૂકવણી કરાશે.
- ધોરણ-૧૦-૧૨ની પરીક્ષાઓની ઉત્તરવહીઓના મૂલ્યાંકનની કામગીરી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરાઈ.
- દિલ્લી ખાતે વધુ ૨૫ કેસ નોંધાતા કુલ ૧૦૦ કેસ થયા.
- ટીવીએસ દ્વારા ૫૦ કરોડ પી.એમ. રાહતનિધિમાં અપાયા.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના જુદા જુદા ૧૩૦ આધ્યાત્મિક ગુરુઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરી હતી.
- બાબા રામદેવ દ્વારા પણ ૨૫ કરોડનું દાન તથા હરિદ્વાર અને ગૌહાતીના આશ્રમના બે હજાર રૂમ કોરોનાના દર્દીઓ માટે ફાળવવાની ઓફર કરાઈ.